ક્રમાંક/પ્રાશિનિ/જ/પ્રવેશ/૧૫/૫૬૦૧-૫૬
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
ડૉ.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૧૨/૧,
ગાંધીનગર. તા.૧૯/03/૨૦૧૫

પ્રતિ,
આચાર્યશ્રી / સંચાલકશ્રી
સ્વનિર્ભર પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં કોલેજો તમામ

વિષયઃ- પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં અભ્યાસક્રમમાં પ્રથમ વર્ષ ૨૦૧૫-૧૬ની પ્રવેશ અંગેની પ્રોસેસીંગ ફી જમા કરાવવા બાબત.

સંદર્ભઃ- સરકારશ્રી શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક/ટીસીએમ/૧૪૧૨/૭૦૨/ન, તા.૨/૭/૨૦૧૨

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે સંદર્ભ દર્શિત ઠરાવથી તત્કાલીન પી.ટી.સી. પ્રવેશ અંગેના નવા નિયમો બનાવવામાં આવેલ છે અને એન.સી.ટી.ઇ. એકટની જોગવાઇ પ્રમાણે પી.ટી.સી.ના બદછલે હવે આ અભ્યાસક્રમનું નામ પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં ( D.El.Ed ) રહેશે. નવા નિયમોના ઠરાવની જોગવાઇ-૧૫ મુજબ " સ્વનિર્ભર સંસ્થાએ વર્ગદીઠ રૂા.૫૦૦૦/- ( રૂપિયા પાંચ હજાર ) વહીવટી ખર્ચ પ્રવેશ કાર્યવાહી શરૂ થવાની હોય તેના ૧૦ દિવસ અગાઉ કેન્દ્રીય પ્રવેશ સમિતિમાં જમા કરાવવાની રહેશે અને જે સંસ્થાઓએ જેટલા વર્ગો માટે વહીવટી ખર્ચ જમા કરાવેલ હશે તે જ સંસ્થાઓનો તેટલા જ વર્ગોનો પ્રવેશ કાર્યવાહી માટે ધ્યાનમાં લેવામાં આવશે" આ માટે સ્વનિર્ભર સંસ્થાઓએ નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશે

૧. ૫૦ની ઇન્ટેકના એક વર્ગ મુજબ રૂા.૫૦૦૦/- પ્રોસેસીંગ ફી ભરવાની રહેશે. આ ફીનો ડ્રાફટ " ડાયરેકટર, **પ્રાયમરી એજયુકેશન, ગુજરાત સ્ટેટ, ગાંધીનગર** " ના નામનો કઢાવી આ કચેરીમાં જમા કરાવી તેની પહોંચ મેળવી લેવાની રહેશે.
૨. તા.૨/૭/૨૦૧૨ના પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં અભ્યાસક્રમના નવા ઠરાવની જોગવાઇ-૧૫ મુજબ કેમ્પ સ્થળે ઉમેદવારો પાસેથી ટોકન ફી વસુલવામાં આવનાર નથી જેથી સંસ્થાઓ પાસેથી અગાઉથી પ્રોસેસીંગ ફી વસુલવા નકકી કરવામાં આવેલ છે તે મુજબ સર્વે સંસ્થાઓએ ફી જમા કરાવવાની રહેશે.
3. સંસ્થાએ પ્રોસેસીંગ ફી તા.30/૦૪/૨૦૧૫ સુધી ઉપર ક્રમ-૧ માં જણાવ્યા મુજબના નામનો ડ્રાફટ કઢાવી આ કચેરીમાં જમા કરાવાનો રહેશે. અને આ સાથે સામેલ નમુનાના પત્રકમાં વિગતો મોકલી આપવી.
૪. તા.30/૦૪/૨૦૧૫ બાદ કોઇ પણ સંસ્થાની પ્રોસેસીંગ ફીનો ડ્રાફટ જમા લેવામાં આવશે નહી અને પ્રવેશ કાર્યવાહીમાં સંસ્થાને સામેલ કરવામાં આવશે નહી જરૂરી ફી નિયત સમય મર્યાદામાં ન ભરવાને કારણે સંસ્થાને પ્રવેશ કાર્યવાહીમાં સામેલ ના કરવાના કારણે જે પ્રશ્ન ઊદભવે તેની સઘળી જવાબદારી જે તે સંસ્થાના સંચાલક/ આચાર્યની રહેશ.

બિડાણઃ- પ્રોસેસીંગ ફી અંગેની વિગત દર્શાવતુ પત્રક (પાછળ)

નાયબ શિક્ષણ નિયામક,
ગુજરાત રાજય, ગાંધીનગર.

# પ્રોસેસીંગ ફી અંગેની વિગત દર્શાવતુ પત્રક વર્ષ - ૨૦૧૫-૧૬

જિલ્લો -

સંસ્થાનું નામ અને સરનામુ -

કોલેજ કોડ નંબર ( પ્રવેશ કોડ ) -

આચાર્યશ્રીનુ નામ -

મોબાઇલ નંબર -

સંચાલકશ્રીનું નામ -

મોબાઇલ નંબર -

| ક્રમ | મંજુર વર્ગની સંખ્યા | ગત વર્ષ થયેલ પ્રવેશની સંખ્યા<br>૧.કેન્દ્રીય પ્રવેશ સમિતિ<br>૨.મેનેજમેન્ટ કવોટા | ચાલુ વર્ષે કેટલા વર્ગો માટે પ્રોસેસીંગ ફી જમા કરાવેલ છે.<br>(વર્ગદીઠ રૂ.૫૦૦૦/-) | ડ્રાફટની રકમ | પ્રોસેસીંગ ફી નો ડ્રાફટ કઇ બેંક નો છે તેનુ નામ સરનામુ અને ડ્રાફટ નંબર, તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | 3 | ૪ | ૫ | ૬ |
| | | | | | |
| | | | | | |

આચાર્યની સહી અને સિકકો

તારીખઃ- / /૨૦૧૫

સંચાલકની સહી અને સિકકો